# ડૉ૦પ્રણવ પંડ્યા



એમ.બી.બી.એસ.એમ.ડી.(મેડીસીન)
કુલાધિપતિઃ દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય
નિર્દેશકઃ બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાન
શાંતિકુંજ, હરિદ્વાર, ઉત્તરાંચલ (ભારત) પીન-૨૪૯૪૧૧
ટેલિફોન-૨૬૦૪૦૩, ૨૬૦૩૦૯, ૨૬૦૬૦૨, ૨૬૦૧૨૯
લેબ-૨૬૧૩૨૮, ફેક્સ-૨૬૦૮૬૬
Email:shantikunj@awgp.org
Internet-www.awgp.org
www.dsvv.org


## વ્યક્તિગત વિગતો

**જન્મઃ-**૮ નવેમ્બર ૧૯૫૦ (રૂપ ચૌદસ)

**ધર્મપત્ની-**શ્રીમતી શૈલબાલા પંડ્યા (સુપુત્રી વેદમૂર્તિ તપોનિષ્ઠ પં.શ્રીરામ શર્મા આચાર્ય)

## શૈક્ષણિક યોગ્યતા અને અનુભવ

જાન્યુઆરી ૧૯૭૨મા એમ.જી.એમ.મેડીકલ કોલેજ ઈન્દોરમાંથી એમ.બી.બી.એસ.પાસ કરી. આજ કોલેજમાંથી ડિસેમ્બર ૧૯૭૫માં એમ.ડી.(મેડીસીન)ના ડીગ્રી અને સુવર્ણચંદ્રક મેળવ્યો. અમેરિકાથી આકર્ષક પદનો પ્રસ્તાવ આવ્યો, પરંતુ ભારતમાં જ રહીને સેવા કરવાનું ઉત્તમ લાગ્યું.

વિદ્યાર્થી જીવનમાં ન્યુરોલોજી તથા કાર્ડિયોલોજીના પ્રખ્યાત નિષ્ણાતો સાથે સહકાર કરીને માર્ગદર્શન મેળવ્યું. અનુસંધાન-પત્ર પ્રકાશિત થયા અને સાયકોસોમેટિક રોગોના ઉપચારમાં વિશેષ રસ લીધો.

જૂન-૧૯૭૬થી સપ્ટેમ્બર ૧૯૭૮ સુધી ભારત હેવી ઈલેક્ટ્રીકલ્સ, હરિદ્વાર અને ભોપાલની હોસ્પિટલોમાં ઈન્ટેન્સીવ કેર યુનિટના હર્તાકર્તા રહ્યા. ભારતીય ચિકિત્સક સંઘ (એ.પી.આઈ)નાં સભ્ય બન્યાં. સમય સમય પર શોધપત્રો વાંચ્યા અને કેટલીય વર્કશોપ સેમીનારનું સંચાલન કર્યું.

૧૯૬૩માં યુગનિર્માણ યોજના મિશનના સંપર્કમાં આવ્યા. સન્ ૧૯૬૯થી ૧૯૭૭ની વચ્ચે ગાયત્રી તપોભૂમિ મથુરા તથા શાંતિકુંજ, હરિદ્વારમાં લાગતી કેટલીય શિબિરોમાં ભાગ લીધો. સપ્ટેમ્બર ૧૯૭૮માં નોકરીમાં ત્યાગપત્ર આપીને હરિદ્વારમાં સ્થાયી થઈ ગયાં.

પરમ પૂજ્ય ગુરુદેવ પં.શ્રીરામ શર્મા આચાર્યજીના માર્ગદર્શન અને સંરક્ષણમાં અધ્યાત્મ અને વિજ્ઞાનના સમન્વય હેતું બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાન હરિદ્વારની જૂન ૧૯૭૮માં સ્થાપના કરી. ત્યારથી આ સંસ્થાના નિર્દેશક છે. આ સંસ્થાની આધુનિક પ્રયોગશાળામાં પૂજ્ય ગુરુદેવના માર્ગદર્શનમાં સાધનાના વૈજ્ઞાનિક પાસાંઓ ઉપર પ્રયોગ કરવામાં આવી

રહ્યા છે. અત્યાર સુધીમાં શાંતિકુંજમાં પધારેલા એંસી હજારથી પણ વધારે સાધકો ઉપર આ પ્રયોગનું પરીક્ષણ થઈ ગયું છે. સંસ્થાનની લાયબ્રેરી અત્યારે જરૂરી વિષયો ઉપરની પચાસ હજારથી વધારે પુસ્તકોથી સુસજ્જ છે.

અખંડ જ્યોતિ હિન્દી તથા બીજી આઠ ભારતીય ભાષાઓમાં પ્રકાશિત તેની સહયોગી પત્રિકાઓ, જેના લગભગ પચ્ચીસ લાખ સભ્યો છે-તેમાં સમ્પાદક.

વ્યક્તિત્વ પરિષ્કાર તથા નૈતિક શિક્ષા-પ્રશિક્ષણના હર્તાકર્તા. સન્ ૧૯૮૪ થી ૧૯૯૯ સુધી કેન્દ્રીય શાસન, ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ તથા રાજસ્થાનનાં ૩૫,૦૦૦ થી અધિક અધિકારીઓએ શાંતિકુંજની આ શિબિરોમાં પ્રશિક્ષણનો લાભ લીધો છે. વોટર શેડ ડેવલપમેન્ટ સ્કીમના આખા દેશમાં ફેલાયેલી પ્રક્રિયાના નિર્દેશક.

અધ્યાત્મના વૈજ્ઞાનિક પ્રતિપાદનનાં આશયથી સન્ ૧૯૯૦માં પૂરા દેશનું વ્યાપક પરિભ્રમણ, વંદનીય માતા ભગવતી દેવી શર્માના દિશા-નિર્દેશનમાં એમની પ્રેરણાથી સન્ ૧૯૯૧થી આખા વિશ્વમાં રહેતાં પ્રવાસી ભારતીઓમાં પ્રચાર કરવા દેવ-સંસ્કૃતિ દિગ્વિજય અભિયાનનું સંચાલન  ૭૪ દેશોમાં ગાયત્રી પરિવારની શાખાઓની સ્થાપના કેમ્બ્રિજ, ઓક્સફોર્ડ, હાર્વર્ડ, યુ.સી.એલ.એ.તથા અનેક વિશ્વવિદ્યાલયોમાં ભારતીય સંસ્કૃતિની વૈજ્ઞાનિક બાજુ પ્રસ્તુત કરવા માટે સંમેલનો, સેમીનારોનું આયોજન. અમેરિકા, કેનેડા, ઇંગ્લેન્ડ, ડેન્માર્ક, નોર્વે, ઓસ્ટ્રેલિયા, ટાંઝાનિયા, કેન્યા, દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વેફ ફીજી, ન્યુઝીલેન્ડ વગેરે દેશોમાં ભારતીય સંસ્કૃતિ, ગાયત્રી તથા યજ્ઞના દર્શન અને વ્યવહારિક અધ્યાત્મનાં પક્ષ પ્રચાર-પ્રસાર.

લીસ્ટર (યુ.કે.), ટોરન્ટો (કેનેડા), લોસ એંજીલ્સ (યુ.એસ.એ.) મોન્ટ્રીયલ (કેનેડા) શિકાગો (યુ.એસ.એ.)માં તથા ભારતનાં અનેક શહેરોમાં સંપન્ન થયેલાં આયોજન સંપાદનમાં મુખ્ય ભૂમિકા ન્યુજર્સીમાં બાજપેય જ્ઞાન યજ્ઞ (જુલાઈ ૧૯૯૮)ના માધ્યમથી લાખો પરિજનોમાં સાંસ્કૃતિક ચેતનાનો પ્રસાર.

સન્ ૧૯૯૩ શિકાગોમાં અધ્યાત્મના વૈજ્ઞાનિક પ્રતિપાદન રજૂ કર્યા.

યુનીટી સ્કૂલ ઓફ ક્રિશ્ચિયાનિટી, બહાઈ કમ્યુનિટી, થિયોસોફિકલ ઇંટરનેશનલ સોસાયટી અને ''અમેરિકન એસોસિએશન ફોર એડવાંસમેન્ટ ઓફ સાયંસીસ''ના આજીવન સભ્ય.

''ભારતીય સંસ્કૃતિ વિજ્ઞાન સમ્મત છે.'' પરમ પૂજ્ય ગુરુદેવના આ દર્શન તથા માનવ ધર્મ ''ઇંટર ફેથ રીલીજીયન'' સંબંધી એમના વિચારોનો આખા વિશ્વમાં વિસ્તાર કરવા માટે સંકલ્પિત.

''જ્ઞાન ભારતી'' સન્માનથી ૧૯૯૮માં સન્માનિત.

અમેરિકાના વિશ્વવિખ્યાત અંતરિક્ષ એકમ 'નાસા' દ્વારા વૈજ્ઞાનિક અધ્યાત્મવાદના પ્રચાર-પ્રસાર માટે સંસ્તુતિ અને વિશેષ સન્માન.

''ભાઈ હનુમાન પ્રસાદ પોદ્દાર રાષ્ટ્ર સેવા સન્માન'' પુરસ્કારથી સન્ ૨૦૦૦માં સન્માનિત.

દેવસંસ્કૃતિ વિશ્વવિદ્યાલય, ગાયત્રી કુંજ, શાંતિકુંજ, હરિદ્વારના કુલાધિપતિ.